॥ चैतन्य ॥ CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

અઝીઝ ઈબ્રાહીમ છરેચા

અંજાર - કચ્છ

પી.એચ ડી સ્કોલર (ગુજરાતી)

મો.7600141892

# શ્રી અરવિંદનો શિક્ષણ પર પ્રભાવ

There is a total truth in natural greater than our individual- Shreeji Aurobindo

ઉપરોક્ત વિધાનને સાર્થક કરતા અરવિંદે પ્રકૃતિ અને એની સાથેના તાદાત્મયની કેળવણીની સંકલ્પના સાકારિત કરેલી છે .ઈ.સ. ૧૯૦૨માં સ્વામી વિવેકાનંદનો દેહ વિલય થયો ત્યાં સુધીમાં શ્રી અરવિંદના પૂરેપૂરા ભારતીય રાષ્ટ્રીય કેળવણીના વિચાર દ્રઢ થઈ ગયા હતાં. ભારતીય ચિંતન જગતમાંના શ્રી અરવિંદના પદાર્પણનો ગાળો એક એવો સમયગાળો હતો જ્યારે સમગ્ર દેશમાં એક બાજુ અંગ્રેજ શાસનનો પ્રતિકાર કરી સ્વતંત્ર બનવા માટેની ઝંખના તથા વિશેષ બીજી બાજુ અંગ્રેજી શિક્ષણ-પ્રથાની અયોગ્યતા, અપ્રસ્તુતતા અને અસંબદ્ધતાની પ્રતીતિ કેટલી હદે પ્રબળ બનવા માંડી હતી કે, મહાત્મા ગોખલે જેવા પ્રાજ્ઞ પુરુષ અંગ્રેજ સરકારની સામે ન્યાયાલય સુધી મેદાને પડ્યા હતા. ‘શિક્ષણ માણસનો જન્મસિદ્ધ અધિકાર’ હોવાની વાતે ધીમે ધીમે પ્રજાના મનમાં સ્થાન લઈ લીધું હતું. એ સમયમાં પ્રવર્તમાન શાળાઓ અને વિશ્વ વિદ્યાલયોમાં અપાતું શિક્ષણ નકામું હોવા ઉપરાંત રાષ્ટ્રીય ચિત્ત, રાષ્ટ્રાત્મા અને રાષ્ટ્રચારિત્ર્યનો અધઃપતન કરી, નિર્બળ બનાવનારું કોઈ શિક્ષિત માણસને રાષ્ટ્ર વિમુખ બનાવનારું’ હોવાની સ્પષ્ટ પ્રતીતિ સાથે શ્રી અરવિંદે ભારતીય શિક્ષણના ચિંતન જગતમાં પ્રવેશ કર્યો. આ પરિભાષામાં શિક્ષણ-ચિંતન'ની એક વિલક્ષણતા અહીં નોંધવી ઘટે કે ‘શિક્ષણ’ વિશેનું તત્ત્વચિંતન શૂન્યાવકાશમાં સંભવી શકતું નથી. શિક્ષણનાં આનુષંગિક પાસાંઓની અવગણના કરવાનો તો પ્રશ્ન જ નથી, પણ શિક્ષણ પ્રક્રિયામાં સમાવિષ્ટ અધ્યેતાની અગ્રતાનો વિચાર કર્યા પછી જ શિક્ષણ વિશે વિચારવાનો અવસર ઊભો થઈ શકે. તેથી શિક્ષણના ચિંતકે મનુષ્ય તેના પર્યાવરણમાંના જગત તથા ઉભયના નિયામક તત્ત્વની મીમાંસા કર્યા પછી આગળ વધવું પડે ચિન્તકની એવી

મીમાંસાનો સંદર્ભ લીધા વિના તેના શિક્ષણ ચિંતનને સમજવાનો પ્રયત્ન ઝાઝો સફળ થઈ શકે નહિ. સ્વામી દયાનંદ તેમજ સ્વામી વિવેકાનંદની જેમ શ્રી અરવિંદે પણ પરંપરાગત તત્ત્વજ્ઞાનનો સહારો લીધો પણ તેમાંથી પોતાની આગવી વિચારધારા વિકસાવી છે. શ્રી અરવિંદની વિચારધારામાં એક પ્રવાસમુક્ત પુરુષે કરેલા પ્રવાસની અનુભૂતિ થાય છે. આ પ્રવાસ એટલે પશ્ચિમી રીતરસમ પ્રમાણેના જીવન પ્રવેશથી માંડી , યોગિક રહસ્યવાદ સુધીની પ્રલંબ યાત્રા. આ ઇહલોક પ્રવાસી અને ચિંતન પ્રવાસી શ્રી અરવિંદ રાષ્ટ્રીય કેળવણીના ચિંતનનો અભ્યાસ કરવો એ પણ એક સંવેદના પ્રબોધક અનુભવ બની રહેવાની શક્યતા છે.

શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનમાં રાષ્ટ્ર યા પ્રજાનો અર્થ સંગઠિત બનેલું રાજ્ય યા કાર્યદક્ષ સમાજ એવો નથી થતો, પરંતુ તેમની દૃષ્ટિએ રાષ્ટ્ર અને મહાન સામુદાયિક આત્મા અને જીવન છે. આ આત્મા વ્યક્તિને તેની શક્તિઓના વિકાસના માધ્યમથી ,શક્તિઓના સંવાદ દ્વારા એકતા તરફ, દિવ્ય જીવન તરફની પ્રગતિ દ્વારા પૂર્ણતાની શોધ તરફ દોરી રહ્યો છે. તેથી શ્રી અરવિંદની દૃષ્ટિએ : ' જે કેળવણી વ્યક્તિ અને રાષ્ટ્રના મન અને શરીરમાં ચાલી રહેલા આત્માના આ કાર્ય માટેનું કારણ બની શકે તે સાચી કેળવણી.

તેમની દૃષ્ટિએ શિક્ષક શીખવનારો યા કામ લેનારો માણસ નથી, પણ મદદગાર અને માર્ગદર્શક છે. તેનું કામ બાળકને યોગ્ય સમયે યોગ્ય માહિતી, રીત વગેરે સૂચવવાનું છે. પોતાના તરફથી લાદવાનું નથી. શિક્ષક તત્ત્વતઃ બાળકના મનને તાલીમબદ્ધ કરતો નથી, પણ તે બાળકને પોતાના જ્ઞાનનાં સાધનને કઈ રીતે પૂર્ણ બનાવવું તે બતાવી બાળકને પ્રક્રિયામાં પ્રવૃત્ત થવા પ્રોત્સાહિત કરી, મદદ કરે છે. શિક્ષક જ્ઞાન આપતો નથી. બાળક પોતે પોતાને માટે કેવી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવું તે બતાવે છે. તે બાળકમાં રહેલા જ્ઞાનને બહાર કાઢવાની મથામણ કરતો નથી પણ બાળકને જ્ઞાન તેની ભીતરમાં ક્યાં પડેલું છે તે બતાવી તેને સપાટી પર કઈ રીતે લાવવું એ સૂચવે છે.

તેઓ કહે છે "High architects of possibility and engineers of impossible."

આમ, શ્રી અરવિંદ કહે છે તેમ ‘‘શિક્ષણ, ઉદાહરણ અને પ્રભાવ-ગુરુનાં શિક્ષા આપવાનાં ત્રણ સાધનો છે. પરંતુ જો શિક્ષક ડાહ્યો હશે તો એના શિષ્યોનાં ગ્રહણશીલ મનમાં પોતાની જાતને અથવા પોતાના અભિપ્રાયોને ઠોકી બેસાડવાનું કરતો નથી. એ તો એક ખાતરીપૂર્ણ અને સર્જક બીજ જેવી વસ્તુ હોય તેનો જ પ્રક્ષેપ કરે છે જેથી તે વસ્તુ અંતરમાં રહેલી દિવ્ય ઉષ્મા હેઠળ વૃદ્ધિ પામે.” આની સાથે જ તેઓ શિક્ષકના વર્તનવ્યવહારને પણ ખૂબ મહત્ત્વ આપે છે. જો શિક્ષક પોતાના વિદ્યાર્થી પાસેથી સન્માન પ્રાપ્ત થાય એમ ઇચ્છતો હોય તો તેને પોતાને માટે સન્માન હોવું જોઈએ તથા સન્માનને લાયક બનવું

જોઈએ. શ્રી અરવિંદ શિક્ષકને કહે છે 'ક્યારેય આપખુદ, અન્યાયી, નિરંકુશ,સ્વચ્છંદી, અસહિષ્ણુ અને તુંડમિજાજી તો ન જ બનો.'

પોતાના અભ્યાસ કાળ દરમિયાન શ્રી અરવિંદે અનેક વિદેશી પ્રશિષ્ટ (classical) તેમજ અર્વાચીન ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું હતું, એટલું જ નહિ એ ભાષામાં ખાસ કરીને વિદેશી પ્રાચ્ય ભાષામાં કાવ્યરચનાઓ કરી હતી. ભારતમાં આવીને તેમણે સંસ્કૃતનો અભ્યાસ કરી, વિવિધ શાસ્ત્રો આત્મસાત કર્યા હતાં. એ સંદર્ભમાં તેમ ભાષાશિક્ષણ અંગે પણ પોતાનું નક્કર ચિંતન રજૂ કર્યું છે. 'The Mind of The Cells.' પુસ્તકમાં કેટલીક કેળવણી માટે ગાંઠે બાંધી રાખવા જેવી છે.જેમાં તેમણે કેટલીક સુંદર વાતો રજૂ કરી છે : ૧)જે સાવ સ્પષ્ટ(obvious)છે તેના જેટલું અદ્રશ્ય (invisible) બીજું કશું ન હોઈ શકે. ૨)શારીરિક જીવન ,ભૌતિક જીવન અને અતિમનસ વચ્ચે સેતુ છે .૩) માણસ સંક્રમણશીલ પ્રાણી છે. (Man is and transnational being.) તેમની દૃષ્ટિએ બાળક જ્યારે શું શીખવાઈ રહ્યું છે તે મહામહેનતે થોડુંઘણું સમજી શકતું હોય ત્યારે ભાષા શીખવવાનો યોગ્ય સમય નથી. યોગ્ય સમય તો ભાષા ગ્રહણ કરવા માટે તેનું માનસિક સાધન જ્યારે પૂરતું વિકાસ પામે ત્યારે જ આવ્યો ગણાય. તેમની માન્યતા પ્રમાણે એક જ ભાષા અને તે પણ અધ્યેતાની પોતાની માતૃભાષા જ અન્ય ભાષા શીખવા માટેની શિસ્તનું મૂલ્ય પ્રદાન કરી શકે. તેમના કહેવા પ્રમાણે જે રીતે નિરીક્ષણ, નિર્ણય, તર્ક અને તુલનાની શક્તિના વિકાસ વિના વિજ્ઞાન શીખવાનો પ્રયત્ન નિરર્થક તેમજ વેઠિયો થઈ પડે તેવું જ બીજા વિષયમાં પણ છે.

તેથી શ્રી અરવિંદ કોઈ પણ વિષય શીખવા માટેની ભૂમિકા તૈયાર કરવા પર ખૂબ ભાર મૂકે છે. વિદ્યાર્થીમાં રહેલી અપાર શક્યતાને તેમના શબ્દોથી જ જોઈએ તો સાવિત્રી મહાકાવ્યમાં તેમણે પોતે જ કહ્યું છે "The greater destiny awaits you in your front. The life you lead conceals the light you are"બાળકોની બીજભૂત શક્તિઓમાંનો તેમનો દૃઢ વિશ્વાસ રહેલો છે. આ વિશ્વાસ એટલે :

(૧) પ્રત્યેક બાળક પાસે કલ્પનાશક્તિ છે. શબ્દો માટેનો અનુરાગ છે.નાટ્ય અભિવ્યક્તિની શક્તિ છે. વિચાર અને તરંગોનો ભંડાર છે.

(૨) પ્રત્યેક બાળક રોચક વર્ણન, વીર-પૂજા તથા સ્વદેશાભિમાન પ્રત્યે વિશિષ્ટ એવો પ્રેમ ધરાવે છે.

(૩) પ્રત્યેક બાળક ગવેષક (inquirer) સંશોધક, વિશ્લેષક તથા શરીરચનાશાસ્ત્રજ્ઞ (anatomist) છે.

(૪)પ્રત્યેક બાળકમાં સંતોષી ન શકાય તેવી બૌદ્ધિક જિજ્ઞાસા તથા તત્ત્વમીમાંસકાત્મક (mataphysical) ગવેષણાની ઉત્કંઠા છે.

(૫) બાળકને અનુકરણ કરવાની તથા કલ્પનાશક્તિના સંસ્પર્શની બક્ષીસ મળેલી છે.

વિદ્યાર્થીને ધ્યાન-અવધાન (attention)ની શક્તિ વિકસાવવાનું પૂરતું પ્રોત્સાહન મળવું જોઈએ. અવધાનનો એમનો ખ્યાલ એક જ વખતે કોઈ એક જ બાબત પરત્વે ધ્યાન કેન્દ્રિત કરવા પૂરતો મર્યાદિત નથી. તેમની દૃષ્ટિએ એકાવધાન ઉપરાંત દ્વિ-અવધાન, ત્રિ-અવધાન, બહુ-અવધાનની શક્તિ વિકસાવવાનું શક્ય છે. અલબત્ત, એક વખતે એક જ બાબત પર કેન્દ્રિત થઈ જવાના મનનાં વલણનો તેઓ સ્વીકાર કરે છે, છતાંય તેમનો આગ્રહ એ વાત પર છે કે ક્રમિક અભ્યાસ દ્વારા તેમજ સહજ અનુકૂલન દ્વારા ધ્યાનને અનેક પરિસ્થિતિઓ પર સમાન રીતે પ્રસરાવી પ્રત્યેકનું પૂરું અધ્યયન થઈ શકે. આને માટે શિક્ષકે એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે, એમના મતે નિરીક્ષણ, અવધાન, નિર્ણય અને સ્મૃતિની મદદથી વિદ્યાર્થીઓ પુષ્પો દ્વારા વનસ્પતિશાસ્ત્ર, તારાઓ દ્વારા ખગોળશાસ્ત્ર, પૃથ્વી અને પથ્થરો દ્વારા ભૂસ્તરશાસ્ત્ર તથા જીવજંતુઓ અને પશુઓ દ્વારા જીવજંતુ વિદ્યા તથા પ્રાણીશાસ્ત્ર શીખી શકે. તેમના મતે પ્રત્યેક વિજ્ઞાન વિદ્યાનું શિક્ષણ વસ્તુઓનાં વિભિન્ન વર્ગોનાં નિરીક્ષણ, તુલના, સ્મરણ અને નિર્ણય ક્ષમતા દ્વારા થઈ શકે.

માનસની સંવેદનશીલતાના પૂરા વિકાસ માટે શ્રી અરવિંદ યોગવિદ્યાની સૂક્ષ્મ દૃષ્ટિની સહાય લેવાનું સૂચવે છે. શ્રી અરવિંદ કહે છે: “વિચાર યા ભાવસંક્રમણ (Telepathy), અતીન્દ્રિય દૃષ્ટિ અતીન્દ્રિય પ્રેક્ષકત્વ (Clair audience), પૂર્વભાસ (presentiment),વિચાર-વાચન (thought reading), ચારિત્ર્ય વાચન (characterreading) તથા તેના જેવી બીજી અનેક આધુનિક શોધો મનસુની ખૂબ પ્રાચીન શક્તિઓ છે તથા તે અવિકસિત છોડી દેવામાં આવી છે. છઠ્ઠી ઇન્દ્રિયનો ક્યારેય માનવીય તાલીમનો અંશ બન્યો નથી. ભવિષ્યમાં માનવીય સાધન તરીકે “વશ્ય તાલીમની બાબત બનશે. દરમિયાનમાં મનુષ્યનો વિચાર સાચી પ્રતિમાથી બુદ્ધિને દેશ આપે એ રીતે મનસનું શિક્ષણ શા માટે ન થવું જોઈએ?’

અત્યારે પ્રવર્તમાન શિક્ષણની ટુકડા-ટુકડા ઊતરાવવાની શિક્ષણપ્રથા પ્રત્યે શ્રી અરવિંદને ભારે અણગમો છે. આવી શિક્ષણ પ્રથા તેમની દૃષ્ટિએ મૃતક વ્યથાઓની વખારથી વિશેષ કશું જ નથી. તેમના કહેવા પ્રમાણે બીજા અનેક વિષયોની ભરમારની સાથે એકી વખતે એક વિષય અત્યારે શીખવાય છે; પરિણામે જે એક જ વર્ષમાં ખૂબ સારી રીતે શીખી શકાય તે સાત વર્ષમાં ઘણી જ ખરાબ રીતે શીખાય છે અને વિદ્યાર્થીઓ અર્ધદગ્ધ હાલતમાં બહાર આવે છે. તેમની પાસે જ્ઞાનના અપૂરતાં

પાર્સલ હોવાથી માનવીય જ્ઞાનની એકેય શાખામાં તેઓ તજ્ઞતા કેળવી શક્યા હોતા નથી. આવી ટુકડા ટુકડા શીખવવાની પ્રથા પ્રાથમિક અને માધ્યમિક સ્તરે ચાલે છે અને પછી એકાએક ઉચ્ચ સ્તરે વિશિષ્ટીકરણમાં ફેરવાઈ જાય છે. શ્રી અરવિંદ કહે છે આ તો ત્રિકોણને તેની ટોચ પર રાખી તે સ્થિર રહે એવી આશા રાખવા જેવું છે.

આની સામે તેઓ પ્રાચીન ભારતની એકાદ બે વિષય બરાબર ગહનતાથી શીખવ્યા પછી અન્ય વિષય તરફ જવાની પ્રથાની પ્રશંસા કરે છે. તેમની દૃષ્ટિએ એ પ્રથા આજની પ્રથા કરતાં વધારે તર્કસંગત હતી. જો એ પ્રથા વધુ વૈવિધ્યપૂર્ણ જ્ઞાન માહિતી નહોતી આપી શકતી એ સાચું હોય તો સાચી સંસ્કૃતિનું ગહન વિસ્તૃત એવું ચણતર કરવા શક્તિમાન હતી એ પણ એટલું જ સાચું છે. આજના શિક્ષિત મનમાં દેખાતા છિછરાપણા, વિષયોની ભરમારથી સર્જાતા ગૂંચવાડા તથા ચંચળ અસ્થિરતાનું કારણ આવી શિક્ષણ પ્રથાનું જ પરિણામ હોવાનું તેઓ માને છે. આમ છતાંય એક કે બે વિષય આમૂલ શીખવવાની' પ્રાચીન પ્રથાની પ્રશંસા કરતા તેઓ તે પ્રથાનો અંધ સ્વીકાર કરી લેવાના આગ્રહી નથી તેમના કહેવા પ્રમાણે એ પ્રથાની ખામી એ છે કે નાનપણમાં શીખી લીધેલો વિષય આગળ જતાં બીજા વિષયો શીખાતા ભૂલી જવાય એવું બને. તેમના મતે ભાવિ શિક્ષણ માટે પ્રાચીન પણ નહિ અને અર્વાચીન પણ નહિ, પરંતુ જ્ઞાન પર ત્વરિત પ્રભુત્વ મેળવી શકાય તેવી પૂર્ણ પ્રથાનો જ વિચાર કરવો જોઈએ. તેમની દૃષ્ટિએ આધુનિક પ્રથા નીચે શીખતા વિદ્યાર્થીઓ એકાગ્રતા દાખવવા સક્ષમ બનતી નથી. વિદ્યાર્થીનું અવધાન ખૂબ ઝડપથી ડગી જાય છે, પરિણામે એક જ વિષય પર લાંબા સમય સુધી શ્રમ લેવા તેઓ શક્તિમાન બનતા નથી. વિષયોનું ત્વરિત પરિવર્તન તેમને ધ્યાન કેન્દ્રિત કરવા દેતું નથી. તેમના મતે સાત-આઠ વર્ષનું બાળક ઘણી એકાગ્રતાના અનુશીલન માટે યોગ્ય હોય છે, શરત માત્ર એટલી જ કે જો તેને શીખવામાં રસ પડે તો. બાળકો માટે રસ રુચિ-ધ્યાનનો પાયો છે. તેથી શિક્ષણની સમગ્ર પદ્ધતિ વિદ્યાર્થીની રુચિ અને ધ્યાનને કેળવવા માટે હંમેશા પ્રયત્નશીલ હોવી જોઈએ.

' કર્મયોગિનમ્ ' પત્રિકામાં તેમણે વાત કરી છે ભારત દેશની રાષ્ટ્રીય કેળવણીના વિશે જેમાં ભારત દેશ માટેના શિક્ષણનો ઇશારો કરતા શ્રી અરવિંદ એ વાત પર ભાર મૂકે છે કે, "કેટલાક આત્માઓ એવા હોય છે ખરા જેમને પોતાની પરિસ્થિતિ સાથે મેળ બેસતો નથી, પોતે જાણે કોઈ બીજા યુગના અને બીજા દેશના વતની હોય તેમને લાગે છે. એમને તેમની રીતે વિકાસ સાધવાની સ્વતંત્રતા આપવી જોઈએ. જ્યારે મોટાભાગના માણસોને તો કૃત્રિમ રીતે ઢાળવા જતાં તેમનું જીવન ક્ષીણ બની જતું હોય છે. ખાલીપો અનુભવતાં કૃત્રિમ બની જાય છે. માણસો અમુક એક રાષ્ટ્રમાં, અમુક યુગમાં, અમુક સમાજમાં જ જન્મતા હોય છે અને રહેતા હોય છે. એ વ્યવસ્થા ઈશ્વરે પોતે જ કરી આપેલી છે. તેથી શ્રી અરવિંદની દૃષ્ટિએ માણસે પોતાના ભૂતકાળના સંતાન, પોતાના વર્તમાનના સ્વામી અને

ભાવિના સર્જક બનવાનું છે. ભૂતકાળ પાયો છે. વર્તમાન સામગ્રી છે; ભવિષ્ય લક્ષ અને શિખર છે. કેળવણીની રાષ્ટ્રીય નીતિમાં દરેકને યોગ્ય અને સ્વાભાવિક સ્થાન પ્રાપ્ત થવું જોઈએ એવું ઉપરોક્ત મત શ્રી અરવિંદના રાષ્ટ્રીય કેળવણીનો હાર્દ છે.

શ્રી અરવિંદ પોતાની આધ્યાત્મિક સાધના તથા તે સાધના દ્વારા વિશ્વ જીવનની સમગ્ર પરિવર્તનની ભૂમિકાનું સર્જન કરવા માટે ઈ.સ. ૧૯૧૦માં પોંડીચેરી ગયા. ત્યાં ગયા પછી શ્રી માતાજીના સહકારથી પૃથ્વી ઉપર દૈવી જીવનનું અવતરણ તથા તેનો સાક્ષાત્કાર કરવાના હેતુથી તેમણે ઈ.સ. ૧૯૨૨માં આશ્રમની સ્થાપના કરી અને શ્રી માતાજીને તેનું સંપૂર્ણ સંચાલન સોંપ્યું. આ આશ્રમમાં માત્ર ભારત જ નહિ, પણ વિશ્વભરમાંથી યોગની સાધના કરવા માટે જિજ્ઞાસુ સાધકોનો પ્રવાહ વહેતો રહ્યો .આ યોગ સાધના દ્વારા તેમને અર્થમાં રાષ્ટ્રીય કેળવણીનો હેતુ સિદ્ધ કરી બતાવ્યો છે. તેમણે આ આશ્રમનાં બીજ રોપ્યાં તે અત્યારે તો એક વિશાળકાય વડલા જેવો બની રહ્યો છે. સેંકડોની સંખ્યામાં જિજ્ઞાસુઓ આધ્યાત્મિક ઉત્કર્ષ સાધવા આવે છે અને પોતાના હેતુમાં અનન્ય સફળતા હાંસલ કરે છે. આશ્રમની પ્રેરણા હેઠળ ઉચ્ચ કક્ષાના તબીબો, ઇજનેરો, કારીગરો, કલાકારો, રમતગમતના ખેલાડીઓ, શ્રી સુંદરમ્ અને શ્રી પૂજાલાલ જેવા કંઈ કેટલાય કવિઓ અને ચિંતકો મોકળા મને પોતાનું કામ અહીં કર્યા છે. વર્ષો સુધી વાત્સલ્યમૂર્તિ માતાજીની હૂંફ અને પ્રેરણા આશ્રમને સતત મળ્યા જ કરી છે તથા આજે તેમની સ્થૂળ ભૌતિક અનુપસ્થિતિમાં તેમની અને શ્રી અરવિંદની સૂક્ષ્મ ઉપસ્થિતિ પ્રેરણારૂપ બની રહી છે. આશ્રમની વિશેષતા એ છે કે અહીં આવનાર સાધકો પોતાની સાધના તો કરે જ છે પણ તે સાથે સમગ્ર આશ્રમની અનેકવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. પ્રવૃત્તિ કરવા માટેના પ્રમુખ કેન્દ્રોમાં ખેતીવાડી, સેન્ટ્રલ બ્યૂરો, રસોડા વિભાગ, વૈદકીય સારવાર, ગેસ્ટ હાઉસ, ઉદ્યાન અને બાગાયત વિભાગ, વિવિધ પ્રકારના ઉદ્યોગો, ફોટોગ્રાફી જેવા વિભાગો ઉપરાંત ઉચ્ચ આત્મજ્ઞાન માટે સામુદાયિક જીવનના ઉત્કર્ષના ઉચ્ચ આશયથી આશ્રમમાં શ્રી અરવિંદ આંતરરાષ્ટ્રીય શિક્ષણ કેન્દ્ર' પણ ચાલે છે. આ કેન્દ્રના આશ્રયે શાળા, ઉચ્ચ અભ્યાસક્રમ માટે આંતરરાષ્ટ્રીય વિશ્વવિદ્યાલય પણ કામ કરે છે. તે ઉપરાંત પ્રાવિધિક કૌશલ્યો વિકસાવવા માટે ટેક્નિકલ તાલીમ તેમજ રમતગમત અને ખેલકૂદ વિભાગ, પ્રદર્શન વિભાગ પણ ચાલે છે. આની સાથે જ પોંડીચેરીથી થોડે દૂર 'પ્રભાતનું નગર Auroville' શ્રી અરવિંદ સોસાયટીના ઉપક્રમે આકાર પામ્યું છે. યુનેસ્કોના સમર્થનથી પેરિસમાં રોજર એન્ગરની દેખરેખ હેઠળ વિવિધ દેશોમાંથી સ્વેચ્છાએ આવીને અનેક સ્થપતિઓ તેમજ ઇજનેરોએ આ નગરની રચનામાં પોતાનો ફાળો આપ્યો છે. આ નગરમાં વસવાટ વિભાગ, સાંસ્કૃતિક વિભાગ, સામાજિક તેમજ આંતરરાષ્ટ્રીય વિભાગ અને ઉદ્યોગ વિભાગનો સમાવેશ થાય છે.

શ્રી અરવિંદના સમન્વયવાદી દૃષ્ટિબિંદુ અનુસાર આ આશ્રમની સ્થાપના અને વિકાસ થયો છે. પરિણામે તે સાંસારિક જીવન અને પ્રવૃત્તિથી અલિપ્ત રહેતા આશ્રમથી ભિન્ન વિભાવનાવાળો આશ્રમ બની રહ્યો છે. અહીં વિશેષતા એ છે કે સાધક માટે કોઈ જડ નિયમો નથી, દરેક સાધકે સ્વયં પોતાનું ધ્યેય અને પ્રવૃત્તિ નક્કી કરવાની હોય છે. વ્યાવહારિકતા અને આધ્યાત્મિકતાના સમન્વય દ્વારા દિવ્ય જીવનની આરાધના આશ્રમનું મુખ્ય કાર્ય જે રાષ્ટ્રીય કેળવણીનું દ્યોતક સાબિત થયું છે.

શ્રી અરવિંદનું જીવન અને રાષ્ટ્રીય કેળવણી વિશેનો ખ્યાલ એટલો વિશાળ તેમજ એટલું ગહન છે કે એ એકાદ પ્રકરણની મર્યાદામાં સમાવી લેવાનું શક્ય નથી. શ્રી અરવિંદ તેના સાચા અર્થમાં રાષ્ટ્રીય કેળવણીના તત્ત્વજ્ઞાની હતા. રાષ્ટ્રીય કેળવણીના તત્ત્વજ્ઞાનીની વિશેષતા એ છે કે તે પોતાના ભૌતિક શરીરથી કાલગ્રસ્ત થાય છે પણ તેનું કર્તૃત્વ એવું મજબૂત હોય છે કે તે પોતાના અક્ષર દેહે અનેક યુગોમાં પ્રવર્તમાન હોય છે. તે ક્યારેક કોઈક નિશ્ચિત સમયગાળાનો માણસ હોતો જ નથી. પોતાના ૭૮ વર્ષના તનમાં શ્રી અરવિંદ ૪૦ વર્ષ તો પોંડીચેરીમાં તત્ત્વના અન્વેષણની મહાન સાધનામાં ગાળ્યા ! એમણે પોતાની સાધનાના પરિપાકરૂપે જે મૂળભૂત પ્રશ્નોના વિશ્વને બુદ્ધિગમ્ય ઉત્તરી આપ્યાં,એ પ્રશ્નો હતા : ૧. મનુષ્ય એટલે શું ? ૨, માણસે શું બનવું જોઈએ ? ૩ તથા તેને જે કંઈ બનવું જોઈએ તે ક્યાં સાધનો દ્વારા બનવું જોઈએ ? તેમણે 'માનસ' (mind)ના અતિમાનસ (super mind) તથા 'માનવ'ના 'અતિમાનવ' (super man)માં રૂપાંતરિત થવાની દિશા ખોલી આપી છે. એ રીતે એમણે જ્ઞાનના પ્રકાશથી જેમણે પોતાના અજ્ઞાનને ખંખેરી જીવનને સમુન્નત બનાવ્યું છે એવા પ્રજ્ઞાનનિષ્ઠ (Gnostic) માનવસમાજના સર્જનનું ધ્યેય માનવજાત સમક્ષ મૂક્યું છે. ભારત જેવા સમાજો જ્યારે આજે મુલ્યોના વિસંવાદની વ્યથા અનુભવે છે; અનિષ્ટના આક્રમણના મુકાબલામાં હતાશા અનુભવે છે, ત્યારે સમગ્ર માનવજાતે અને સવિશેષ શિક્ષક સમાજે શ્રી અરવિંદનું ‘દિવ્યજીવન' (The Life Divine)નું અન્વેષણ ધ્યાનપૂર્વક આત્મસાત્ કરવા જેવું છે. આ દિવ્ય જીવનના ધ્યેયની દિશામાં શ્રી અરવિંદે કેળવણીના તત્ત્વજ્ઞાનને વાળવાનું મહાન કાર્ય કર્યું છે. તેમનો પ્રસ્તાવ કેળવણીની પ્રક્રિયા અને જીવનનાં ધ્યેયોમાં નિકટતા લાવી તેમાં એકરૂપતા સ્થાપવાનો છે. તેમના મતે મનુષ્યમાં જ એટલી બધી શક્યતાઓ છે તે અતિમાનવના સ્તરે આવી શકે તેમ છે. અંગ્રેજ શાસનકાળ દરમિયાન શિક્ષણ પ્રથાનું જે વિશ્લેષણ એમણે કર્યું હતું તેમાં આજે કશો ખાસ ફેરફાર થયો છે એમ કહી શકાય એવું નથી એ પરિસ્થિતિમાં શિક્ષણની એમની યોજનામાંથી ભારતીય શિક્ષણ આજે પણ ઘણો લાભ લઈ શકે તેમ છે. એમણે કરી આપેલું માનસનું વિશ્લેષણ, એ માનસના ઉત્કર્ષ માટેનાં એમનાં સૂચનો તથા જ્ઞાનના સાધનને તીવ્ર કરવા માટે એમણે તૈયાર કરેલો તર્કાધાર (rationale) આજે પણ આંખ ઉઘાડનાર છે. આજે જો ખરેખર ભારતીય સમાજ ‘રાષ્ટ્રીય એકતા’ના ધ્યેયને વરેલો હોય તો તેની પૂર્વશરત રૂપ

મનુષ્યની ભીતરમાં તેના સંવેગો, બુદ્ધિ, ચિત્ત અને બાહ્ય શરીરમાં 'એકતા'નું સર્જન કરવાની શ્રી અરવિંદની તત્ત્વદૃષ્ટિ કેટલી બધી પ્રસ્તુત છે ? માણસે અતિમાનસની દિશામાં અગ્રેસર થવાની પ્રેરણા જ તત્ત્વતઃ રાષ્ટ્રીય કેળવણીની સમસ્યાના સમાધાનની દિશા છે એ વાત સમજ્યે જ છૂટકો.

માણસની 'અંતઃસ્ફુરણા' વિશે ભારતમાં હજી કશું જ કામ થયું નથી. આ વાત સમજાવતાં તેઓ કહે છેકે આ શક્તિ પ્રતિભાસંપન્ન અને મેધાવી માણસોમાં પ્રકટ થતી હોય છે. આપણી અત્યારની શિક્ષણ પ્રથામાં પ્રતિભાસંપન્નને તેની પ્રતિભાના સંદર્ભમાં કેળવી એ વ્યક્તિ અને સમાજ ઉભયનું શ્રેય સાધવાની વાત પર હજી ધ્યાન અપાતું નથી, એ ઉત્તેજવાની આજે તાતી જરૂર છે. એ જ રીતે વિદ્યાર્થીના વિકાસ માટે તેના મનનો સંદર્ભ લેવાનો શ્રી અરવિંદનો સિદ્ધાંત આધુનિક શિક્ષણમાં સ્વીકાર પામ્યો છે. પરિણામે આજનું શિક્ષણ જૂની વિભાવનામાંથી વિશેષ યોગ્યતા (AFP Ability and Aptitude)ની વિભાવનાના સ્તરે આવી ઊભું છે. આમ છતાંય આજે સ્મૃતિને કેળવવાને બદલે તે અર્થહીન હોવાનું માની તેની અવગણના કરવાનું વલણ વધારે વ્યાપક બનતું જાય છે. શ્રી અરવિંદ દ્વારા પ્રસ્થાપિત નિરીક્ષણ, અવધાન, કલ્પના, નિર્ણય તથા સ્મૃતિના મહત્ત્વ તરફ ધ્યાન આપવું ઘણું જરૂરી છે.

આજે શિક્ષણમાં માણસની બૌદ્ધિક ક્ષમતાના વિકાસ પર જે ભાર મુકાય છે તે તો મનુષ્યની સમગ્ર સત્તાનો અંશ માત્ર છે. શ્રી અરવિંદના સમગ્ર મનુષ્ય'ના શિક્ષણ સિદ્ધાંતમાં માણસની ધાર્મિક અને નૈતિક ચેતનાનો સમાવેશ થાય છે. ધાર્મિક અને નૈતિક શિક્ષણનો અભાવ માનવજાતને દૂષિત કરનારો હોવાનું તેમનું અવલોકન ખૂબ વિચારણીય છે. મનુષ્યની ધાર્મિક અને આધ્યાત્મિક જાગૃતિ કદાચ આજના યુગની સૌથી મોટી આવશ્યકતા છે. શ્રી અરવિંદનો સમન્વયવાદ જ રાષ્ટ્રીય કેળવણીનું પ્રધાન તત્ત્વ બનવું જોઈએ. શિક્ષણ તત્ત્વતઃ સમન્વયવાદી જ હોય. એ રીતે માનવજાતમાં સમતુલાનું સર્જન હવે પછીના શિક્ષણનું ધ્યેય બનવું જોઈએ. ભારતીય શિક્ષણનો સિદ્ધાંત ભારતમાંથી જ ઉદ્ભવી શકે છે એ એમણે ચરિતાર્થ કરી આપ્યું મનુષ્યને તેના અતીત વર્તમાન અને ભવિષ્યના સંદર્ભમાં જરૂરી વિશ્વના પરિપ્રેક્ષ્યમાં તેની કેળવણી થાય એ જોવું જોઈએ. સામાન્ય રીતે શિક્ષણ જગતને મનુષ્ય તેમજ રાષ્ટ્ર ઉભયની ભવિતવ્યતામાં રસ હોય છે. આ ભવિતવ્યતાના આશયને સિદ્ધ કરવા માટે માણસના અંતઃસ્તરીય તેમજ બાહ્ય મુક્તિ અને પરિવર્તન તથા આંતરિક તેમજ બાહ્ય વિકાસ પ્રગતિની શક્યતા પિછાણવી જરૂરી થઈ પડે છે. એ પિછાણવાનું કામ શ્રી અરવિંદે એ રીતે કર્યું છે જેમાંથી તેમનું પૂર્ણવાદનું તત્ત્વજ્ઞાન સાકાર બન્યું છે. પૂર્ણવાદી શિક્ષણની એમની વિભાવના અને સિદ્ધાંતો માર્ગદર્શક હોઈ મનનીય અને આદરણીય છે.

રાષ્ટ્રીય કેળવણીના વિચારો સંદર્ભે શ્રી અરવિંદને વાંચવાનો અને સમજવાનો પ્રયત્ન જયારે કરું છું, ત્યારે પ્રત્યેક વાક્ય અર્થગર્ભિત જણાય છે. વાંચતી વખતે ક્યારેક તો વાક્યે વાક્યે અટકી જવું પડે છે. વાંચ્યા પછી જે ઉઘાડ પ્રાપ્ત થાય છે તે ક્યારેક તો થથરાવનારો હોય છે. વ્યાપકતા અને ગહનતાથી રસાયેલું જીવનદર્શન અને રાષ્ટ્રીય કેળવણીના સંદર્ભમાં દિવ્યતાનો સંસ્પર્શ કરાવી શકે એટલું સચોટ છે કારણ કે એમાં આપણા યુગના ઋષિકવિનો પરમ પ્રસાદ રહેલો છે.

**સંદર્ભ સાહિત્ય:**


૧) શિક્ષણ ચિંતકોનું શિક્ષણદર્શન, પટેલ એમ.,બી.એસ.શાહ પ્રકાશન

૨)શિક્ષણના તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારો, વારિશેણ પ્રકાશન,જે .એચ.પંચોલી

૩) વિકાસમાન ભારતમાં અરવિંદનું શિક્ષણ ,વિજય પાઠક, નીરવ પાઠક